# એક મુસલમાન નમાઝ કેમ પઢે છે?

એક મુસલમ પોતાના પાલનહારના અનુસરણમાં નમાઝ પઢે છે, જેને તેને નમાઝ પઢવાનો આદેશ આપ્યો છે, અને તેને ઇસ્લામના અરકાન (સ્થંભો) માંથી એક બનાવી છે.

એક મુસલમાન દરરોજ પાંચ વાગે નમાઝ માટે ઉઠે છે, અને તેના બિન-મુસ્લિમ દોસ્તો તેજ સમયે સવારની કસરત કરવા ઉઠે છે, એટલા માટે નમાઝ શારીરિક અને આધ્યાત્મિક પોષણ છે, અને તેઓની રમતો ફક્ત શારીરિક કસરત છે, અને દુઆ કરતા એકાગ્ર છે, જે અલ્લાહ પાસે જરૂરત પૂરી કરવા માટે કોઈ પણ પ્રકારની શારીરિક કસરત કર્યાવિના માંગવામાં આવે છે, રુકૂઅ અને સિજદો જે એક મુસલમાન કોઈ પણ સમયે કરે છે.

ચાલો જોઈએ કે જયારે આત્મા ભૂખે મરતો હોય ત્યારે આપણે આપણા શરીરની કેટલી કાળજી લઈએ છીએ, અને તેનું પરિણામ વિશ્વના સૌથી ધનિક લોકોની અસંખ્ય આત્મહત્યાઓ છે.

ઈબાદત મગજમાં લાગણી કેન્દ્રમાં લાગણીને રદ કરવા તરફ દોરી જાય છે, તે પોતાની જાતની અનુભૂતિ અને આપણી આસપાસના લોકોની લાગણી સાથે સંબંધિત છે, તેથી વ્યક્તિ ખૂબ જ ઉત્કૃષ્ટતાનો અનુભવ કરશે, અને આ એક એવી લાગણી છે, જે વ્યક્તિ જયાં સુધી તેનો અનુભવ ન કરે ત્યાં સુધી તે સમજી શકશે નહી.

ઈબાદત મગજમાં લાગણી કેન્દ્રોને ખસેડે છે, તેથી અકીદો સૈદ્ધાંતિક માહિતી અને ધાર્મિક વિધિઓમાંથી વ્યક્તિલક્ષી ભાવનાત્મક અનુભવોમાં પરિવર્તિત થાય છે. એક પિતાને શું ત્યારે સંતુષ્ટિ મળે છે, જયારે તેનો પુત્ર મુસાફરીથી પાછો આવે અને તે પોતાના પુત્રની ફક્ત મોઢા વડે સ્વાગત કરે? પરંતુ તેને ત્યારે સંતુષ્ટિ મળે છે, જયાં સુધી તે પોતાના પુત્રને ગળે નથી લગાવી લેતો. મનમાં માન્યતાઓ અને વિચારોને ભૌતિક સ્વરૂપ આપવાની સ્વાભાવિક ઈચ્છા હોય છે, તેથી, ઇબાદતો એવી ઈચ્છાની સંતુષ્ટિ માટે હોઈ છે જેમકે ઈબાદત, નમાઝનું અનુસરણ, રોઝા વગેરેનો સ્વરૂપ અપનાવી લે છે.

ડૉ.. એન્ડ્રુ ન્યુબર્ગ [૨૯૩] કહે છે: "ઇબાદતોનું શારીરિક, માનસિક અને મનોવૈજ્ઞાનિક સ્વાસ્થ્યને સુધારવામાં અને શાંતિ અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા હાંસલ કરવામાં એક મહત્વનો ભાગ હોઈ છે, તેમજ સર્જક તરફ વળવાથી ઇબાદત વધુ શાંતિ અને ઉત્કૃષ્ટતા તરફ દોરી જાય છે". યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા, યુએસએમાં સેન્ટર ફોર સ્પિરિચ્યુઅલ સ્ટડીઝના ડિરેક્ટર.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ
Source: https://the-faith.com/qa/gu/show/107/
Arabic Source: https://the-faith.com/qa/ar/show/107/

Monday 1st of June 2026 09:05:44 PM